બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧.

Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

સપ્ટેમ્બર-૨૦૨૨
વર્ષ : જાન્યુઆરીથી ડિસેમ્બર
વર્ષ : ૫૯
વાર્ષિક લવાજમ રૂા.૨૦૦

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



## જીવન અને મૃત્યુ

જીવવા માટે વરસો લાગે, મરવા કાજે ક્ષણ
આંખો ભીની કરવા, રણનું પૂરતું છે એક ક્ષણ
શ્વાસે શ્વાસે ખાલી કરતાં ફુગ્ગો, નામે જીવ
સીધી સાદી વાતો છે આ, એક, અને બે, ત્રણ
ટકટક ટકટક ટાંકી, ઘડતાં જીવતર નામે શિલ્પ
ઈશ્વર મારે મૃત્યુ નામે અણચિંતુ એક ઘણ
દિવસો તારા ભરાઈ ગ્યા છે, કહેતા સૌએ લોક
ઓછા થ્યા કે ભરાઈ ગયા એ તારીખિયું લઇ ગણ
કાપી નાખી સંબંધોની પાંખો તારી બેય
ઉડજે તું આકાશે અલખી, છોડી સૌ વળગણ.

—ડૉ.જગદીપ નાણાવટી
મો.૭૫૭૪૮૬૮૬૪૦

**કકબ ઓકટો.–નવેમ્બર માસનો સંયુક્ત અંક દીપોત્સવી અંક તરીકે પ્રકાશિત થશે :**

હવે પછીનો ઓકટોબર માસનો કલમ કડછી બરછીનો અંક પ્રસિધ્ધ થશે નહી અને નવેમ્બર માસની ૧૫ તારીખે સંયુક્ત અંક દીપોત્સવી અંક તરીકે પ્રકાશિત થશે, જેની નોંધ લેવા વિનંતી. આ દીપોત્સવી અંકને સાહિત્યસભર બનાવવા જ્ઞાતિના લેખકો, કવિઓને તેમની મૌલિક કૃતિઓ,માહિતીપ્રદ લેખ લખી મોકલવા ઇજન છે. મલ્ટીકલર ટાઇટલ સાથેના વિશેષાંક માટે આપના ધંધા– વ્યવસાયની તેમજ શુભેચ્છા જાહેરાતો આવકાર્ય છે. નાના સમાચારો,કાવ્યો વગેરે ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર વ્હોટસએપ થી મોકલી શકો છો અને મોટા લેખ,વાર્તા,લઘુકથા કે અન્ય ફોટા સાથેના સમાચારો, barchhi@rediffmail દ્વારા અથવા ટપાલ/કુરિઅરથી મોડામાં મોડા તા.૨૫/૧૦/૨૨ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.–તંત્રી

**જીવનમાં સરસ્વતીની અનિવાર્યતા...**

વિદ્યા એટલે હરપળે શીખતા રહેવાની વૃત્તિ તેવું રવીન્દ્રનાથ ટાગોર કહે છે.સ્વામિ રામતીર્થ પરદેશ ગયેલા ત્યારે એક ૯૦ વર્ષીય જર્મન વૃદ્ધ ચીની ભાષા શીખતા હતા.તેમણે રામતીર્થ સ્વામિને કહયું કે નવું શીખતી વખતે ઉંમરનો બાધ નથી તેમ ભાષ પણ નથી થતો,કારણ કે અનુભવ એ જીવનનો શિક્ષક જ છે,અનુભવ વગરનું જ્ઞાન નિરર્થક છે.

વિદ્યા સમાન શરીરને શોભાવનાર બીજી કોઈ વસ્તુ નથી,વિદ્યા પોતે જ એક શકિત છે અને તે યુવાનોની અનુપમ કીર્તિ છે.જ્યારે વિદ્યાનું ફળ એ ઉત્તમ ચારિત્ર અને સાદગી છે તેવું ભ્રતૃહરિ પણ માનતા હતા. વિદ્યા એ તાળું છે અને વિવેક એ તેની ચાવી છે. કારણ કે વિશ્વાસ અને વિચારના પૈડાને વિવેક નામની ધરી યુવાનોનો માર્ગ સરળ બનાવે છે. જે રીતે ઝાડ એ તેના ફળથી ઓળખાય, સોનુ કસોટીથી પરખાય,ઘંટ તેના રણકાર પરથી પરખાય તેવી જ રીતે મનુષ્યનું મનુષ્યત્વ વિવેકથી પરખાય કેમ કે વિવેક મનરૂપી સાંઢને કાબુમાં રાખે છે.પ્રત્યેક વ્યકિત પાસે સાત્વિકતાનો મહાસાગર જરૂરી છે તેવી રીતે વિવેકરૂપી મૂળીયા હોવા જોઈએ અને આ બન્ને હોય તો જીવન નૈયા સડસડાટ અસ્તિત્વના મહાસાગર તરફ અવશ્ય પ્રયાણ કરશે.

નાગરો પાસે વિવેક,વિનય અને વંદનીય વ્યકિતત્વ રહેલું છે કારણ એ સરસ્વતીજીના ઉપસકોના આભૂષણો છે...અને તેથી જ સ્વ.ઉછરંગરાય ઢેબર હંમેશા કહેતા કે,'નાગર યુવક તો તેને રે કહીએ,જે ચાલે ધરતી ધ્રુજાવે રે.નમ્રતાને નસનસ રાખી નરસિંહ નામ ગજાવે રે,તનનો તંદુરસ્ત,મનનો મકકમ બની ધન વિદ્યાને દીપાવે રે.'

પરિવર્તન એટલું ઝડપી આવ્યું છે કે તેમાં આજના જ્ઞાતિ યુવકોએ આ ઘુઘવતા સમુદ્રના મોજા સામે મકકમ બની જવું ખૂબ જ આવશ્યક છે.નરસિંહ મહેતા જમાનાને જીવનનું જળ કહેતા.જીવન એટલે બીજું કાંઈ નહી પરંતુ પ્રેમ,સંપ અને સમર્પણનો ત્રિવેણી સંગમ. જે યુવાનોમાં જરૂરી છે.સાથે સાહિત્ય કલા અને સંગીત પણ નાગર યુવક માટે આવશ્યક છે.

ટૂંકમાં યુવાનો જાગો,જાગૃતિના સ્વપ્ન જુઓ,પુરૂષાર્થને ગળે લગાવો અને જય હાટકેશના નાદ સાથે જીવન નૈયાને આગળ ધપાવશો તો સફળતા જરૂર કદમ ચૂમશે.

–રઘુવીર ખારોડ,અમદાવાદ.

#2395567

## કુ. દ્યુતિ ધોળકિયાએ ઇટાલીથી એલએલ.એમ.ની પદવી મેળવી



મૂળ રાજકોટના હાલ અમદાવાદ સ્થિત સૌ.પલ્લવી તથા શ્રી હિમાંશુ ધોળકિયા નાં પુત્રી કુ.દ્યુતિ ધોળકિયાએ United Nations Mandated University for Peace અને United Nations Interregional Crime and Justice Research Institute (UNICRI), Turin, Italy ખાતે Transnational Crime and Justice ના વિષયમાં LLM ની પદવી મેળવી.જે તેણીની બીજી International Degree ડિગ્રી છે. અભિનંદન.

કુ.દ્યુતિ રાજકોટના સ્વ.પ્રમિલાદેવી હરિહરભાઈ ધોળકિયા(બાવીસીભુવન)નાં પૌત્રી અને જૂનાગઢનાં સ્વ.રમણબાળા સનતકુમાર બુચનાં દોહિત્રી થાય.


## કુ. વ્યોમા ધોળકિયાએ MSW માં ગોલ્ડ મેડલ મેળવ્યો



વડોદરા સ્થિત શ્રીમતી દીપા પ્રણવ ધોળકિયા અને શ્રી પ્રણવ કૌશિકરાય ધોળકિયાનાં પુત્રી કુ. વ્યોમા ધોળકિયાએ તાજેતરમાં એમ.એસ.યુનિવર્સિટી દ્વારા લેવાયેલ 'માસ્ટર ઓફ સોશ્યલ વર્ક'ની પરીક્ષા ૮.૨૬ સીજીપીએ સાથે 'એ ગ્રેડ'મેળવી ઉત્તીર્ણ કરતાં ગોલ્ડ મેડલ માટે પસંદગી પામ્યાં.કુ.વ્યોમા યુનિવર્સિટી ઓફ અલબામા – બર્મિંગહામ(યુએસએ.) ખાતે 'માસ્ટર ઓફ ક્લિનિકલ સોશ્યલ વર્ક'ના ઉચ્ચ અભ્યાસાર્થે યુએસએ.જવા રવાના થયાં.

અભિનંદન સહ ઉજજવળ ભાવિની શુભકામનાઓ.

## શ્રી મુકેશ રીંડાણી એસબીઆઇમાં સંન્નિષ્ઠ ફરજ બજાવી સેવા નિવૃત્ત થયા



જામખંભાળીયાના શ્રી મુકેશ ઘનશ્યામભાઈ રીંડાણી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં સંન્નિષ્ઠતા અને પ્રામાણિકતા સાથે ૩૬ વર્ષની સુદીર્ઘ ફરજ બજાવી સેવા નિવૃત્ત થયા.નોકરીની શરૂઆતથી અંત સુધી ખંભાળીયામાં જ ફરજ બજાવનાર પરગજુ સ્વભાવના મુકેશભાઈએ કર્મ એજ ધર્મને ચરિતાર્થ કરતાં, તેમના કાર્યકાળ દરમ્યાન બેંકના કોઈપણ કામ માટે જ્ઞાતિ ઇતર જ્ઞાતિના દરેકને અનેક રીતે ઉપયોગી થયા. તા.૩૧/૮ના રોજ નિવૃત્તી નિમિત્તે સગા સંબંધીઓ, શુભેચ્છકો, સહકર્મચારીઓ, દૂધ– કામ – છાપાવાળા સમેત સહુને નિમંત્રીત કરી મિલન–ભોજન સમારંભનું આયોજન કર્યું હતું.

અત્રે સાભાર નોંધ લઈએ કે મુકેશભાઇએ નોમિની અંગે,બેંક ચાર્જીસ, ઓનલાઈન બેંકીગના લાભાલાભ–ફ્રોડ વગેરે વિષયો ઉપર માર્ગદર્શક લેખ દ્વારા બરછીના વાચકોને પણ અવગત કરાવ્યા છે. તેઓ ઘણી સેવાકીય સંસ્થાઓમાં પોતાનું તન મન ધનથી યોગદાન આપી રહયા છે.પિતાશ્રી ઘનશ્યામભાઈ નો સેવા વારસો સંભાળી દીપાવનાર મુકેશભાઈને નિરામય ને આનંદમય નિવૃત્તજીવનની શુભકામનાઓ.

#2395567

## ધી ભાવનગર નાગર જીમખાના દ્વારા યોજાયો 'નાટય ત્રિવેણી' કાર્યક્રમ

સામાન્ય રીતે સંસ્થા દ્વારા પ્રતિ વર્ષ દિવાળી કાર્યક્રમોના અનુસંધાને યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમમાં એકાંકી નાટયકૃતિઓની રજૂઆત થતી હોય છે પરંતુ આ વખતે ભાવનગરની શિશુવિહાર સંસ્થાના રંગમંચ પર,ગત ૨૦/૮/૨૨ શનિવારે નાટયત્રિવેણી એકાંકી નાટયમંચનનો કાર્યક્રમ યોજાઇ ગયો.જેમાં વિવિધ વિષયો આધારિત ત્રણ નાટયકૃતિઓ રજૂ થઈ.

કાબેલ અને અનુભવી નાટય કલાકાર,દિગ્દર્શક શ્રી ધીરેનભાઈ વૈશ્નવની રાહબરી હેઠળ તેમના દિગ્દર્શનમાં જ્ઞાતિના પૂર્વ અનુભવી અને મોટાભાગના નવોદિત કલાકારોએ કૃતિઓની રજૂઆત કરી જેમાં સૌ પ્રથમ ટચનું નાટક 'સેવા શીવમ',મંગળ ગ્રહ નડી શકે કે નહિ આ વિષય પર કટાક્ષ કરતી હળવી નાટય કૃતિ 'લોક કિયા જાય મિ.લોર્ડ'તથા કાર્યક્રમની અંતિમ કૃતિ રૂપે એક વિખ્યાત ફિલ્મ અભિનેત્રીના ખુનની ઘટના આસપાસ આકાર લેતું સસ્પેન્સ થ્રીલર 'પ્રપંચ'રજૂ થયું.કલાકારોના સશક્ત અભિનય વડે આ કૃતિ ધારી અસર ઉપજાવવામાં સફળ રહી.

સમગ્ર કાર્યક્રમમાં અનિષ વોરા,કિન્નરી વોરા,ઉત્સવી ઓઝા,પૂર્વી ઓઝા,જીજ્ઞાસા ઓઝા,દર્શન ઓઝા,ભવિન વોરા,કૃતાર્થ મહેતા,શિવાની મહેતા,ચિતાર્થ મહેતા,કૃતાર્થ વોરા,હેલી ઓઝા તથા ધીરેન વૈશ્નવ જેવા કલાકારોએ તેમના અભિનયના ઓજસ પાથર્યા હતા.ધીરેન વૈશ્નવના કાબેલ દિગ્દર્શન દ્વારા તમામ કલાકારોના અભિનયમાં નિખાર જોવા મળ્યો.કાર્યક્રમમાં ટેકનીકલ બાબતો દર્શક મહેતા એ સંભાળી હતી તથા ધ્વની તથા સંગીત નિયોજન રીખવ મહેતાએ સંભાળ્યું હતું.

જ્ઞાતિજનોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી આ નાટય કૃતિઓ માણી હતી અને કલાકારો અને સમગ્ર આયોજનને બિરદાવ્યા હતા.

## શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડ,ભાવનગર

સંસ્થાના ઉપક્રમે 'શ્રાવણી ઉત્સવ'અંતર્ગત તા.૨૫/૮/૨૨ના રોજ શ્રી હાટકેશ્વર મહાદેવના મંદિર ખાતે શ્રી મયંકભાઈ શશીવદન ઓઝા તથા શ્રીમતી દામિનીબેન ઓઝાના યજમાન પદે લઘુરૂદ્રનું આયોજન થઈ ગયું.મુખ્ય આચાર્ય શ્રી વસંતભાઈ જોષી તથા સાથી ભૂદેવોએ શાસ્ત્રોકત વિધી અનુસાર પૂજાવિધી કરાવી હતી.અંતમાં સૌ ચા–કોફી તથા પ્રસાદ લઈ છૂટા પડયા હતા.સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન આ તથા ગોઘા હાટકેશ્વર મંદિર ખાતે દિપમાળા કરવામાં આવી હતી.

સંસ્થા પ્રમુખશ્રી દધીચિભાઈ મહેતા,મંત્રીશ્રી ધર્મેન્દ્રભાઈ મહેતા તથા અન્ય ટ્રસ્ટીઓની જહેમતથી આયોજન સફળ બન્યું હતું.

(૨) ઉકત સંસ્થાની મહિલા પાંખના ઉપક્રમે શ્રાવણી ઉત્સવ અંતર્ગત પ્રત્યેક સોમવાર સાંજના ૬થી ૭ સૌએ સાથે મળીને હાટકેશ્વરાષ્ટકમ્,શિવ મહિમ્ન સ્તોત્ર,શિવ માનસ પૂજા ઈત્યાદીનું પઠન–ગાન કરી ભકિત પર્વ ઉજવ્યું.




#2395567

## ગાંધીનગરના શ્રી વડનગરા નાગર મંડળના ઉપક્રમે યોજાય ગઈ બેઠા ગરબા સ્પર્ધા



(શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગર–કારોબારી સભ્યો)

વિશાળ સ્ટેજમાં પાછળ વડનગરના હાટકેશ્વર મંદિરનો વિશાળ ફોટો તેમાં કલરફુલ લાઈટીંગના ઝબકાર, એકબાજુ માતાજીની ફુલહાર સાથે સુશોભિત છબીઓ, સામેની બાજુ ફુલોથી સુશોભિત હિંચકા ઉપર ઝૂલતાં ઝૂલતાં કાર્યક્રમનું સંચાલનનો નવો પ્રયોગ, મંચની વચ્ચે સ્પર્ધક બહેનો માટે ઉંચી બેઠક(સ્ટેજ) વિવિધરંગી જભ્ભામાં કારોબારી સભ્ય ભાઈઓ અને સાડીમાં સજ્જ બહેનો,શિસ્તબધ્ધ આયોજન, સોંપાયેલી જવાબદારી પૂરી નિષ્ઠા સાથે અદા કરતી ૪૮ યુવાનોની 'યુવા બ્રિગેડ'વગેરે..ઘણું બધું નોંધપાત્ર ...આ વિહંગાવલોકન છે– ગાંધીનગર ખાતે યોજાય ગયેલ ગરબા સ્પર્ધાનું.

શ્રી વડનગરા નાગર મંડળના ૫૦માં વર્ષમાં પ્રવેશના ઉપલક્ષ્યમાં તા.૧૮/૯/૨૨ના રોજ અખિલ ભારત નાગર બેઠા ગરબા સ્પર્ધાનું આયોજન ગાંધીનગરના સભાગૃહમાં થઈ ગયું.જેનું મુખ્ય મહેમાન પદ શ્રી કૃષ્ણકાંતભાઈ જહા તથા શ્રી વાગ્મિનભાઈ બુચ તથા શ્રી અરૂણભાઈ બુચે શોભાવ્યું હતું.આ મુખ્ય મહેમાનો, મંડળના પ્રમુખ શ્રી પ્રહર અંજારીયા, ઉપપ્રમુખ શ્રી જયંતભાઈ બુચ તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે દીપપ્રાગટય થયા બાદ કુ.આકાંક્ષા ઓઝાએ પ્રાર્થના નૃત્ય રજૂ કર્યું.મહેમાનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યા બાદ સંસ્થા પ્રમુખ શ્રી પ્રહર અંજારીયાએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી,મંડળની ગત વર્ષની કામગીરી જણાવી,'સૌનો સાથ નાગરોનો વિકાસ' સૂત્ર આપી,મંડળના ૫૦મા વર્ષની ઉજવણી નિમિત્તે પૂરા વર્ષ દરમ્યાન થોજાનાર કાર્યક્રમોની રૂપરેખા આપતાં જ્ઞાતિના ઉદ્યોગસાહસી યુવાનો માટે બહેનોને આત્મનિર્ભર બનાવવાના વિશિષ્ટ કાર્યક્રમોની જાણકારી આપી હતી.

ત્યારબાદ શ્રીમતી હીના પ્રતીક મહેતા દ્વારા સાહિત્યીક અને ભાવનાત્મક સૌને જોડતી રસાળ શૈલીમાં કાર્યક્રમનું સંચાલન સાથે શરૂ થઈ બેઠા ગરબાની રમઝટ. વિવિધરંગી સાડી પરિધાનમાં સજ્જ થઈને આવેલી ગુજરાતની કુલ ૧૧ ટીમની નાગરાણીઓ એ પ્રાચીન ગરબાઓને જીવંત રાખતાં અને સંગીતકલાના નાગરી વારસાને દીપાવતા સૂરિલા કંઠે ગરબાઓ રજૂ કર્યા હતા.આશરે ૭૦૦થી વધુ સંખ્યામાં જ્ઞાતિજનોએ પ્રત્યક્ષ હાજર રહી ગરબાની રંગત માણી હતી. તેમજ દેશ વિદેશના જ્ઞાતિજનોએ ફેસબુક ઉપર પણ લાઈવ કાર્યક્રમ નિહાળ્યો હતો.

અંતમાં ત્રણ નિર્ણાયકો જેઓનું નાટય,સંગીત કલામાં અનન્ય પ્રદાન છે તેવા શ્રી સલિલ મહેતા, આકાંક્ષાબેન છાયા તથા મુક્તિબેન વૈશ્નવે વિજેતાપદની જાહેરાત કરતાં રાજકોટના આરાધના મંડળ–



(મુખ્ય મહેમાનો–નિર્ણાયકો)

પ્રથમ વિજેતા,નારણપુરા ગરબા મંડળ–અમદાવાદ બીજું સ્થાને અને બાગેશ્વરી ટીમ–વડોદરા તૃતીય વિજેતા જાહેર કર્યા હતા.જેમને ટ્રોફી આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.છેલ્લે મંત્રી શ્રી દિગંત ઓઝાના આભાર દર્શન બાદ સૌ આઈસ્ક્રીમને ન્યાય આપી છૂટા પડયા હતાં.


(આદ્ય તંત્રી શાંતિભાઈ કહેતા કે આવા સાંસ્કૃતિક કાર્યક્રમો થકી સામાજિક એકતા–જોડાણ મજબૂત બને છે. જે થોડા સમયથી વધુ સમજાય છે ને,આજે વર્ષોવર્ષ પછી વધુ ને વધુ યોગ્ય જણાય છે. સોશ્યલ મીડિયામાં ઘણા હોય પરંતુ પ્રત્યક્ષ સંબંધો ઓળખાણ ઘટી રહયાં છે.સગપણ લગ્નની સમસ્ય ગંભીર બની રહી છે,મદદરૂપ થવાની ભાવના ઓછી થતી જાય છે ત્યારે આવા કાર્યક્રમો દ્વારા જુદા જુદા શહેરમાંથી આવતા જ્ઞાતિજનોની પરસ્પર પરિચય કેળવાશે,કૌટુંબિક ઓળખાણ નીકળશે વિચારોની આપ– લે થશે. જે અનેક રીતે લાભપ્રદ નીવડતા જ હોય છે.પરિચિતો,જુના સાથીદારોને રૂબરૂ મળવાની મજા પણ અલગ હોય છે.)

વડનગરા નાગર મંડળના સુઆયોજીત આયોજન,કલા પરખ અને જહેમત બદલ મંડળના પ્રમુખ શ્રી પ્રહરભાઈ, કારોબારી સભ્યો તથા સૌ કોઈ કાર્યકરો ધન્યવાદના અધિકારી છે.

## રાજકોટ ખાતે અ.ભા.ના.પરિષદ દ્વારા હસ્તકલા પ્રદર્શન યોજાયું

રાજકોટ ખાતે અખિલ ભારતીય નાગર પરિષદના ઉપક્રમે તા.૧૮/૯ના રોજ શ્રી અ.વ.નાગર બોર્ડિંગના હોલમાં સવારે ૧૦થી રાત્રે ૮ વાગ્યા સુધી હસ્તકલા અને ગૃહઉપયોગી વસ્તુઓનું પ્રદર્શન–વેંચાણ યોજાય ગયું.બે વર્ષના વિરામ બાદના પ્રથમ આયોજનમાં યુવા બહેનો,ગૃહિણીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આખા દિવસ દરમ્યાન મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ પણ હોંશભેર પ્રદર્શનની મુલાકાત લઈ ખરીદી કરી બહેનોને પ્રોત્સાહિત કર્યા હતાં. પ્રદર્શનમાં જ્ઞાતિ બહેનોએ જાત મહેનતથી તૈયાર કરેલ હેન્ડીક્રાફટની વસ્તુઓ,ઈમિટેશન જ્વેલરી,ચોકલેટ,અથાણા ઉપરાંત તૈયાર મસાલા,ડ્રેસ,ઘરવપરાશની વસ્તુઓનો સમાવેશ થતો હતો.બહેનોના શોખ, આત્મનિર્ભરતાની ધગશ સાથે પતિઓનો, સાસુઓનો તથા અન્ય પરિવારજનોના સહયોગનો સુમેળ જોવા મળ્યો.સ્તુત્ય આયોજન બદલ પ્રમુખ શ્રી જે.ટી.બક્ષી, કાર્યકરો શ્રી બાલેન્દુભાઇ મહેતા,ચેતન છાયા તથા જહેમત લેનારા સૌ સાથીદારોને ધન્યવાદ ઘટે.

## કુ.જોબન પલ્લવ ઘારેખાને શિષ્યવૃત્તી મેળવી



અમદાવાદનાં કુ.જોબન પલ્લવ ઘારેખાને ધોરણ–૧૨ CBSE બોર્ડમાં ૯૭% સાથે ઉત્તીર્ણ થઈ નામાંકિત અમદાવાદ યુનિવર્સિટીમાં ઈન્ટરનેશનલ રીલેશનમાં પોલિટીકલ સાયન્સમાં પ્રવેશ મેળવી,કુલ ત્રણ હજાર વિદ્યાર્થીઓમાંથી પસંદગી પામી, મહાત્મા ગાંધી સ્કોલર શિષ્યવૃત્તિ મેળવવા સદ્ભાગી થયાં. જેમાં ૪ વર્ષની શિક્ષણ ફી તેમજ હોસ્ટેલ, ફૂડબીલ તેમજ લેપટોપનો સમાવેશ થાય છે.અભિનંદન.

# સમાચાર સંચય

- યુ.એસ.એ. : ઈશિત રાજીવ વછરાજાનીને AWS ખાતે ગ્લોબલ હેડ ઓફ એન્ટરપ્રાઇઝ સ્ટ્રેટેજી તરીકે બઢતી આપવામાં આવી તેમનું ફલક વિસ્તરતાં હવે તેઓ એશિયા પેસિફિક,યુરોપ અને અમેરિકામાં એક વૈશ્વિક ટીમનું નેતૃત્વ કરશે.જેમાં ભુતપૂર્વ CXO (તકનીકી,માહિતી,નાણાકીય ક્ષેત્ર સંભાળતા મુખ્ય અધિકારીઓ)અને મોટી સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે.
- શ્રીમતી પ્રીતિ ઈશિત વછરાજાનીને બેંક ઓફ અમેરિકા ખાતે એન્ટરપ્રાઇઝ ડેટા મેનેજમેન્ટ ટેકનોલોજી હેડ તરીકે બઢતી આપવામાં આવી.જેમાં હવે તેણી software governance, delivery assurance and process excellence નું નેતૃત્વ કરશે. વિદેશમાં ઉચ્ચ સ્થાને બઢતી મેળવવા બદલ વછરાજાની દંપતીને અભિનંદન.
- સુરત : અત્રેના શ્રી પ્રભાકર ધોળકિયાને શોર્ટફિલ્મ મંત્રા સંસ્થા દ્વારા પંકજ કાપડિયા પ્રેરિત'પ્રેરણા સ્ત્રોત એવોર્ડ–૨૦૨૨'એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા.આ ખિતાબ સાહિત્ય,સંગીત, નૃત્ય, રમત ગમત જેવા ક્ષેત્રોમાં ઉલ્લેખનીય પ્રદાન બદલ વિશિષ્ટ પ્રતિભાઓને આપવામાં આવે છે.શ્રી પ્રભાકરભાઇને આ એવોર્ડ તેમના કવિતા અને વ્યંગ કવનમાં વિશેષ યોગદાન બદલ એનાયત કરવામાં આવ્યો.અભિનંદન.
- વડોદરા : અત્રેના કુ.પૃથા પ્રદીપભાઈ મંકોડીએ ગુજરાત રાજ્ય હાયર એજ્યુકેશન દ્વારા યોજાયેલ G-3Q જનરલ નોલેજ કવીઝમાં પ્રથમ ક્રમ મેળવ્યો.
- પદ્મવિભૂષણ ડો.વિક્રમ સારાભાઈની જન્મ જયંતી નિમિત્તે 'વિજ્ઞાન ગુર્જરી'ની વડોદરા શાખા દ્વારા પારૂલ યુનિવર્સિટી ખાતે યોજાયેલ વિજ્ઞાન વ્યાખ્યાનમાળાના કાર્યક્રમમાં એમ.એસ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રાધ્યાપક ડો.પ્રદીપ મંકોડીએ મુખ્ય આમંત્રિત તરીકે Recent Development in Space and Status of India વિષય ઉપર માહિતીસભર વ્યાખ્યાન આપ્યું હતું.
- રાજકોટ : ગાંધીનગર ખાતે તા.૧૮/૯/૨૨ના રોજ યોજાયેલ બેઠા ગરબા સ્પર્ધામાં ૧૧ ટીમ વચ્ચે અત્રેનાં આરાધના ગ્રુપે સતત બીજે વર્ષે પ્રથમ સ્થાન મેળવી, ગરબાગાનમાં પ્રૌઢ વયના આ બહેનોએ ફરી એકવાર તેમની નિપૂણતા પૂરવાર કરી.વૃંદના ભાગ લેનાર બહેનો હતાં..સર્વશ્રીમતી કલ્યાણી વછરાજાની, હર્ષિદા માંકડ,રક્ષા દેસાઈ, નિરીક્ષા દેસાઈ, મુમુક્ષા બુચ,હેમા મંકોડી, અમી ધોળકિયા, જલ્પા વસાવડા, વિજ્ઞા અંજારીયા, ઉષ્મા વોરા તથા કુ.ધ્વની વછરાજાની.
- ચેતસ સુનીલભાઈ ઓઝાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી યુવક મહોત્સવમાં 'કાવ્ય પઠન' સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પોતાની સેવા આપી.
- અમદાવાદ : અત્રે સ્થિત નિવૃત્ત સનદી અધિકારી અને હાલમાં અમદાવાદ યુનિવર્સિટી તેમજ EDII ખાતે એમબીએના વિઝીટીંગ ફેકલ્ટી તરીકે કાર્યરત છે તેવા શ્રી પદ્મીનભાઈ બુચને તેમના શિક્ષણમાં અમૂલ્ય યોગદાન બદલ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી દ્વારા પ્રશંસાપત્ર

#2395567

આપવામાં આવ્યો.

- અત્રેના ગોતા વિસ્તાર હાટકેશ પરિવારના બહેનોએ ગાંધીનગર ખાતે તા.૧૮/૯/૨૨ના રોજ યોજાયેલ બેઠા ગરબા સ્પર્ધામાં ભાગ લીધો.જેમાં ભાગ લેનાર બહેનોમાં સર્વ શ્રીમતી રક્ષાબેન વૈદ્ય,બીનાબેન મજમુદાર, અર્ચનાબેન વૈશ્નવ,કૃપાબેન મંકોડી,રક્ષાબેન વસાવડા,રીટાબેન વૈદ્ય,ઉષ્માબેન દેસાઈ, હિરલબેન વૈદ્ય, નીરજાબેન ઢેબર અને ધ્રુતિબેન ઝાલા હતાં.હાર્મોનિયમ ઉપર શ્રી નૈષધ પંડયા અને તબલા સંગત શ્રી આદિત વૈદ્યએ કરી હતી.
- વલ્લભવિદ્યાનગર : રીશ્વા ઉર્વિશ છાયા ધોરણ–૧૦ (CBSE) માં ૯૪.૪૫% સાથે ઉત્તીર્ણ

---

## યુવા સંતાનો અને વાલીઓએ વિચારવા યોગ્ય...

(વિચારપ્રેરક આ લેખ રાજકોટના મિત્ર સતિષ મહેતાએ વ્હોટસએપ ઉપર મોકલેલ..જે કોઇએ લખ્યું હોય તેના મુદ્દા વિચારણીય જણાતાં અત્રે સાભાર પ્રકાશિત કરી રહયા છીએ..)

આપણે ત્યાં આજની તારીખે ઘણાખરાં લગ્નો બે જ 'પેરામીટર'પર નકકી થાય છે..યુવક કેટલું કમાય છે અને યુવતી કેટલી દેખાવડી છે. આ બે બાબત જો અપેક્ષા મુજબ હોય તો લોકો બાકીની બાબતોમાં કોઈપણ લેવલની બાંધછોડ કરવામાં અચકાતા નથી અને જતે દિવસે આજ વાત એમની સૌથી મોટી મૂર્ખામી સાબિત થાય છે..!!

પૈસા,ઘરબાર,દોલત,સૌહરત બધું જ સારૂં હોય પણ એ ઘરમાં બે માણસ શાંતિથી રહી શકતાં ના હોય તો બધું જ નકામું છે..ઘરસંસાર વસાવવા દોલત,સૌહરતની જરૂર નથી પ્રેમ,સમજણ અને લાગણીની જરૂર છે.ખુશીઓ માણવા માટે કોઈ મોંઘા રેસ્ટોરન્ટોમાં જવાની જરૂર નથી,વ્યકિત સ્પેશિયલ હોય તો ખુશી ગમે ત્યાં મળી જ રહે છે.

સંબંધ એટલે..તમે ભૂલો છો તે નહી,પણ માફ કરો છો તે છે.સાંભળો છો તે નહીં સમજો છો તે છે.જુઓ છો તે નહીં પણ અનુભવો છો તે છે.જતું કરો છો તે નહી પણ જાળવી રાખો છો તે છે..!

ખૂબસૂરત પત્ની કરતાં ગુણવાન,મૃદુ સ્વભાવની ઘર પરિવાર ચલાવવામાં હંમેશા સાથ નિભાવતી પત્ની વધુ આકર્ષક અને વહાલી લાગે છે.

મનમેળ હોય તો મમરા પણ ભાવે અને મનમેળ ન હોય તો કાજુ બદામ પણ કડવાં લાગે..

એ સમયે છોકરો કારવાળો નહિ હોય તો પણ ચાલશે પણ મુસીબતના સમયે 'કેર' કરે..કાળજી લે એવો હોવો જોઈએ.સુખમાં સાથ હોય કે ના હોય,પણ મુસીબતમાં પહેલાં હાથ પકડે તે સાચો પ્રેમ.

સ્વરૂપ જોઈને પસંદ કરેલી વ્યકિત સાથે તમે સારાં તો જરૂર લાગશો જ પરંતુ ગુણ અને સ્વભાવ જોઈને પસંદ થયેલી વ્યકિત સાથે તમે સારાં તો ભલે ના લાગો પણ ખુશ તો જરૂર રહેશો જ.

એકબીજાં માટે જીવવું એનું નામ જ જિંદગી છે,એટલા માટે સમય એમને આપો,જે તમને દિલથી ચાહે છે,તમારી કાળજી રાખે છે,તમારી જવાબદારી ઉપાડે છે !! જીવનસાથી તો એ કહેવાય જેની સાથે જિંદગી વિતાવવી નહીં પણ જીવવી ગમે..કેમ કે બહુ ફરક છે આ શબ્દો વચ્ચે..!

#2395567

# બેંક એફ.ડી. કરતાં ડબલ વળતરની સલામત બીઝનેસ ઓફર...

સલામત કોર્પોરેટ જોબ છોડીને વેપાર ધંધારૂપી જોખમી મહાસાગરમાં ડૂબકી મારી ૨૦ વર્ષથી મરજીવા બનીને તરનાર ભૈરવ વસાવડા પોતાની કુનેહ અને બહોળા અનુભવ થકી જ્ઞાતિના ઘર ઘરમાં વેપારની જ્યોત પ્રગટાવવા ઈચ્છે છે. આ શુભ ઈરાદાના અમલીકરણ હેતુ બાબા ટ્રાવેલ્સ પ્રસ્તુત કરે છે... વિશ્વાસપાત્રતા અને પારદર્શી વહીવટ સાથે નિશ્ચિત આકર્ષક વળતર આપતી ફાયદાકારક નવતર યોજના.

હાટકેશજન ડિઝાયર, અરટીગા, ઈનોવા કે ટેમ્પો ટ્રાવેલર પોતાની મૂડીથી સ્વતંત્રપણે ખરીદી શકે તે ગાડી એમના જ નામે એમની જ માલિકી અને એમના જ ડ્રાયવર સહિત સાંજ પડે ટ્રીપ પૂરી થાય એટલે એમના જ કબજામાં રહેશે. કસ્ટમરનો બિઝનેસ લાવવાની જવાબદારી બાબા ટ્રાવેલ્સની. ઈન્વેસ્ટરને ગાડીના રોકાણના વળતર પેટે ત્રણ વિકલ્પની પસંદગી મળશે

(૧) વાહનની મૂડી રોકાણ ઉપર વાર્ષિક ૧૩% ગેરન્ટેડ રીટર્ન. નફો કે નુકસાન અમારા.

(૨) જો ઈન્વેસ્ટર ઈચ્છે તો ફિક્સ ૧૩%ની બદલે સંપૂર્ણ નફા નુકસાનની જવાબદારી પોતાની ઉપર લઈ શકે છે. ગાડીભાડાની જે પણ આવક થાય તેના ૮૫% ગાડી માલિકને મળે અને ૧૫% વર્કીંગ પાર્ટનર તરીકે બાબા ટ્રાવેલ્સને મળે. સાનુકુળ સંજોગોમાં મૂડી રોકાણ ઉપર વાર્ષિક ૧૨%થી ૨૦% સુધીનું વળતર મળી શકે એવો અમારો બે દાયકાનો અનુભવ છે.

(૩) ગાડીનું મૂડી રોકાણ તમારૂં બિઝનેસ મેનેજમેન્ટ અમારૂં. નફો–નુકસાન બંને ૫૦–૫૦

જો તમે શરૂઆતના તબકકે મોટું રોકાણ કરતાં અચકાતા હો તો ફકત રૂા.૮૫૦૦નું રોકાણ કરીને ૧%ના કે ઈચ્છાનુસાર ૫–૧૦–૨૦ કે ૩૦ ટકાના પણ ભાગીદાર બની શકો છો.એવા કિસ્સામાં સરખે હિસ્સે નફા નુકસાનમાં ભાગીદારી મળશે.

(૪) જણાંવતાં ખુશી થાય છે કે જ્ઞાતિજનો અમારામાં વિશ્વાસ મૂકી રહયા છે અને હાટકેશબંધુઓ ના સાથ સહકાર–ભાગીદારીથી અત્યાર સુધીમાં બે ગાડી 'ઓન રોડ' ચાલુ થઈ ગઈ છે.

પારદર્શી વહીવટ : જેટલા ઈન્વેસ્ટર આ યોજનામાં જોડાયા હશે તેનું ગાડી દીઠ વ્હોટ્એપ ગ્રુપ બનશે.જેના દ્વારા કારની ખરીદીથી માંડી,વિમો,લોનના હપ્તા,અન્ય નિભાવ ખર્ચ,દરરોજ કેટલા કિ.મી.ગાડી ચાલી વગેરે તમામ અપડેટસ રોજેરોજ આપવામાં આવશે.

આ યોજના(કન્સેપ્ટ) નો હેતુ અજ્ઞાત ભય કે નિરર્થક શંકા કુશંકાગ્રસ્ત થઈને સાહસ કે જોખમ થી અચકાતા સ્નેહીજનોને વેપાર જગતને નજીકથી જોવા જાણવાની તક આપવાનો છે.

સંપર્ક કરો : સતિષ મહેતા : ૯૮૭૯૩ ૩૩૫૧૩/ પલ્લવ માંકડ : ૯૬૨૪૮૮૯૭૦૭

#2395567

## ધોડજે,જ્યાં હોય ત્યાંથી...

ધોડજે,જ્યાં હોય ત્યાંથી,
મા તું દોડી આવજે,
ઘા નાખી આવ્યો દ્વાર તારે,
ઓ જગદંબા,ઘા નાખી(૨)
તારી મા ભકિત કરૂં છું,
ભવભવથી તુજને ભજું છું,
દુઃખો તું દૂર કરતી,
બાલુડા સમજી તારા,
ઓ જગદંબા,ઘા નાખી(૨)
માડી જોઈએ બસ,
એક આધાર તારો,
ટળવળું હું પામર,
તુંજ વિણ હું લાચાર,
સ્મરણે હાજરાહજુર તું
ન લાગે એકપળની વાર,
ઓ જગદંબા,ઘા નાખી(૨)
યુગયુગથી તારો–મારો,
નાતો મા મેં બનાવ્યો,
બોલાવું તને મા કહીને
તું દેતી તુરંત હોકારો,
ઓ જગદંબા,ઘા નાખી(૨)

રાસવિહારી વૈષ્ણવ,
રાજકોટ/ઓસ્ટ્રેલિયા
મો.૯૪૦૮૧૦૭૩૭૩

## મૌલિક સુવિચારો :

–ડો.રાજેન્દ્ર હાથી,વડોદરા.

(૧) બેસો એવી રીતે કે કોઈ ના કહે ઊઠ.

(૨) બોલો એવું કે કોઈ ન કહે ચૂપ

(૩) આંતરિક હતાશાનું નામ છે દુઃખ અને અહમ્‌નું નામ છે કષ્ટ

(૪) જે ક્રોધની એક ક્ષણ દબાવી શકે છે તે પસ્તાવાને આખો દિવસ ટાળી શકે છે.

(૫) બહુ દૂર જોશો તો નજીક નહિ દેખાય,બહુ ખામીઓ જોશો તો ખાસિયત નહિ દેખાય.

(૬) સમયપાલન એ જીવનનું પ્રથમ ઘડતર છે.

(૭) હાલરડું એ મા નામના પ્રદેશનું રાષ્ટ્રગીત.

(૮) મા શબ્દનો અર્થ સમજવાનો નથી,પણ માને સમજવાની છે.

(૯) મા એ એવી વ્યકિત છે જ્યાં સદાય વસંત જ હોય,પાનખરનું સપનુ પણ ન હોય.

(૧૦) જીવનમાં કેટલું મેળવવું જોઈએ એ નહિ પણ કેટલું જોઈએ છે તે નકકી કરો.

(૧૧) થઈ શકે તો છોડ,આમિથ્યા જગતની સૌ ફીકર,માણ જીવન ખુદ ભાવિની કશી ચિંતા વગર,ધન ને દોલત કોણ સાથે લઇ ગયું?કે લઈ જશે,મોહ ત્યાગી દાન આપી ખાઇ પી ને મોજ કર.

(૧૨) કિસ્મતને હંમેશા હથેળીમાં રાખો,ચહેરા ઉપર ન એની રેખા રાખો,દેવાને દિલાસો કોઈ હિંમત ન કરે,દુઃખ દર્દમાં પણ એવી પ્રતિભા રાખો.

(૧૩) કશું કહેવા નથી આવ્યો,કે કરગરવા નથી આવ્યો,બીજાની જેમ આ જીવન અનુસરવા નથી આવ્યો,દયાસાગર તું મુજને હવે તારામાં સમાવી લે,આવ્યો છું અહી ડૂબવા તારામાં,તરવા નથી આવ્યો.

(૧૪) જમાનાના બધા પુણ્યો જમાનાને મુબારક હો,હું પરખું પાપને મારા એવા નયન દેજે.

(૧૫) જીવનનો અંત આત્મા બહેલાવે છે આ દેહ નથી કાંઈ એ સમજાવે છે,મૃત્યુમાં એવી ઠંડક છે કે ચિતા ઉપર છે આગ છતાં જંપ સરસ આવે છે.

#2395567

**સ્વરૂપ :** –દુર્ગેશ ઓઝા, પોરબંદર.

'મા પાવા તે ગઢથી ઊતર્યા મહાકાળી રે..'

સીતેર વરસનાં રેવાબેને જોશભેર ગરબો ઉપાડયો, ને બધાએ હોંશભેર એને ઝીલી લીધો. પછી તરત જ ઝમકુ ડોશીએ 'તું કાળી ને કલ્યાણી રે મા..' લલકાર્યું. જેવો આ ગરબો પૂરો થયો કે પાંસઠ વરસના રમણલાલને શૂરાતન ચડયું. 'મને અંબાના ગુણ ગાવા દે..' આમ એક પછી એક ગરબાની રમઝટ જામી.

જે ખપ પૂરતું ને ભાગ્યે જ બોલતાં એવા ગંગાબેને ઊંચા, બુલંદ અવાજે ગરબો ગાયો. ચાર દિવસ સુધી તો બહુ રંગત નહોતી જામી, પણ આ પાંચમા નોરતે વાતાવરણ ખૂબ ભક્તિમય ને શક્તિમય બની ગયું. ગરબા પૂરા થતાં જ મંછાબેન કહી રહયાં, સ્ત્રી તો શકિત છે, મા તો સાક્ષાત જગદંબા. મા પંડે ઘસાઈને પોતાના સુખ–સ્વાર્થ ત્યાગીને પણ પોતાના સંતાનોને સુખી કરે, ખુશ જોવા માંગે એટલે તો તેને કરૂણામયી, સ્નેહમયી કહે છેને? હા, પણ એ જ સૌમ્યા મા જરૂર પડયે મહાકાળી કે રણચંડી બની શકે! એટલે તો 'મા'નું માન જળવાય છે, એની પૂજા થાય છે.'

હા, આજકાલ તો 'મા'ની બરાબરની પૂજા થાય છેને? વૃદ્ધ રામશંકર વ્યંગમાં બળતરા સાથે બોલી ઉઠયા. ચર્ચા હજી તો બરાબર જામી ત્યાં તો આ બધું સાંભળી રેવાબેન સડપ દઈ ઊભા થઈ ગયાં ને પોતાનાં થોડાઘણાં કપડા–લત્તા નાનકડી બચકીમાં ભરીને..!

મંછાબેન પૂછી રહયાં, 'અરે! તમે કયાં ચાલ્યાં..!

કાં તમે જ કીધું કે માના અગણિત સ્વરૂપ છે? મા ન અન્યાય કરે, ન સાંખે. સ્નેહમયી મા ચંડિકા પણ બની શકે. માતાનાં આટઆટલાં રૂપમાં કયાંય લાચાર, બાપડી કે અબળા એવું રૂપ નથી ભાળ્યું. એ તો આપણે જ હાથે કરીને..!

'અરે પણ તમને ઘૂંટણનો દુઃખાવો..!'

અરે એ દુઃખાવાને તો જોઈ લેવાશે. હા, હું કચકચ, માથાકૂટ કે અન્યાય નહોતી કરતી. હવેય નહીં કરૂં. જીદ કે કડવાશ વિના બધાને પ્રેમથી આનંદમાં રાખતી, તોય..! મહેનત કરીકરીને બનાવેલું માલિકીનું મકાન ખોટી સહીઓ કરાવીને..! હું તો સામેથી જ દઇ દેવાની હતી. કાંઈ ભેગું બાંધીને ઉપર થોડું લઈ જવાની હતી? પણ તોય! મને મમત કે માયા–મોહ નથી પણ અન્યાય કે લાચારી સહન ન કરાય. માનું એક નામ 'ચંડિકે' પણ છે. હું જોઉં છું કે હવે બધા કેવી રીતે મને હેરાન કરે છે? મારો હક, મારૂં સ્વમાન હું મેળવીને જ રહીશ.

આ જોઈ ઝમકુ ડોશી બોલ્યાં, 'બહુ સરસ. પણ હા, માનું એક સ્વરૂપ સ્નેહમયી પણ છે જને? એમાં કર્કશા રૂપ તમે ક્યાંય ભાળ્યું? નવરાત્રિમાં મા આમ અનેરો સંદેશ આપી જાય છે કે તમે તમારાં રૂપને ઓળખશો તો સવાર જ નહીં તમારી રાત પણ અજવાશથી ઝળહળ થઈ ઉઠશે. ઘણા મૂરખા કચકચ, કંકાસ, ફાટફૂટનો આશરો લઈ બધું પોતાની હસ્તક જ રાખી ઘરને નર્ક જેવું બનાવી દે છે. વાતવાતમાં વિવાદમાં ઉતરી જઈ પ્રેમાળ વહુ દીકરા વગેરેને ઉતારી પાડે. બીજા લોકોની હાજરીમાં ખોટો રોફ જમાવી ઘરનાને જ અન્યાય કરી બેસે છે. ને ત્યાં તો કાશી ડોશી પણ ફટ દેતાકને..! એક તરફ હતી ખુમારી, તો બીજી તરફ સમજદારી.

બેયની મકકમતા જોઈ ઝમકુ ડોશી હરખભેર ગાવા માંડયા. 'મા ઘરડાં' તે ઘરથી નીસર્યાં રેવાકાશી રે..!'

ઘરનાની માફી માંગી ઘરને ફરી નંદનવન બનાવવાના દ્રઢ નિર્ધાર સાથે સજળ નેત્રે કાશી ડોશી પણ પોતાના ઘરે પરત જઈ રહયાં હતાં.

#2395567

## નાભિ : મણિપુર ચક્ર

–જસમીન દેસાઈ, રાજકોટ. મો. ૯૪૨૮૩૪૯૮૧૨

આપણા શરીરનું ખૂબ જ મહત્વનું અંગ–કેન્દ્ર નાભિ.જે શરીરનું મહત્વનું કેન્દ્ર છે. આપણે હૃદયને મહત્વ આપીએ–મગજને,કિડનીને આમ અનેક અંગોને મહત્વ આપીએ. આ અંગો વિશે સતેજ હોઈએ, પરંતુ નાભિનું મહત્વ ન સમજીને તેની તરફ ધ્યાન ન આપીએ તે આપણી ભૂલ છે.આ નાભિ જ જીવનનું મૂળ છે. આથી નાભિને મણિપુર ચક્ર કહેવામાં આવે છે.જીવનનો ઉદ્ગમ સ્ત્રોત અને ઉદ્ગમ શ્વાસની પ્રક્રિયા આ નાભિ છે. નાભિકેન્દ્રના શ્વાસના કારણેજ આપણી સઘળી ક્રિયાઓ સારી રીતે ચાલે છે.આમ નાભિ જ આપણી જિંદગીનું–જીવનનું મધ્યકેન્દ્ર છે.આ સર્વને હિસાબે નાભિ પ્રત્યે બેજવાબદાર રહેવું ક્યારેક મુશ્કેલી ઉભી કરી શકે.નાભિના અસ્તિત્વ વિના કશું નથી.



બાળકના જન્મ વખતે જે નાડ છેદન થાય છે અને જે અંગ ઉપસી આવે એ નાભિ (દૂંટી) છે. આ નાભિના જોડાણ થકી બાળક ગર્ભમાં શ્વાસ લેતું હોય છે.નાભિની આસપાસ જાળ રચાય છે અને ત્યારબાદ લિંગનું નિર્માણ થાય છે.આને 'જોઇગોટ' કહેવામાં આવે છે.ગર્ભમાં આ રીતની સ્થિતિને 'બ્લાસ્ટોસિડ' કહેવામાં આવે છે.બાળકની નાભિ દ્વારા જ ગર્ભસ્થ બાળને તેની માતા પાસેથી પોષણ પ્રાપ્ત થાય છે.આ સાથે વ્યર્થ પદાર્થોનું ઉત્સર્જન થાય છે.

ગર્ભસ્થ બાળનો ચહેરો નાભિના નિર્માણ થયા બાદ બનવાનું શરૂ થાય છે.જેને 'એમ્બિલિક્સ' કહેવામાં આવે છે.ચહેરામાં આંખો આવવાનું શરૂ થાય છે,ત્યારબાદ શરીરના વિવિધ અંગોનો પાયો નખાય છે અને વિકાસ થાય છે.

નાભિ આપણા શ્વસનક્રિયાનું મુખ્ય અને મહત્વનું કેન્દ્ર હોવાથી નાભિમાંથી શ્વાસ લેવાનો અને છોડાતો હોવાથી તે પ્રક્રિયા યોગ્ય રીતે થવી ઘણી જરૂરી છે.પ્રાણાયામ કરતી વખતે નાભિ કેન્દ્ર ઉપર જ આપણું ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય છે.યોગ પતંજલિ શ્વાસની ક્રિયાઓમાં નાભિને ખાસું મહત્વ આપવામાં આવે છે.નાભિ દ્વારા લેવાતા શ્વાસ વખતે મનને શાંત અને આનંદિત રાખવું જરૂરી છે. તેવી જ રીતે નાભિ દ્વારા શ્વાસોશ્વાસ યોગ્ય રીતે થાય તો મન શાંત અને સ્થિર રહેશે અને હકારાત્મક અભિગમ શક્તિની ઉત્પતિ –સંચાર થશે.આનાથી વિપરીત હશે તો શરીરને–મગજને નુકશાન થશે.

#2395567

## શ્રી કૃષ્ણનો ખાસ સંદેશ..

—ડો.કોષા મંકોડી,ભુજ.

મારા પ્રિય અંશો..

વારંવાર મારા હોવા વિશે શંકા કરનારા,છતાં મારા સંભવામિ યુગે યુગેનું વચન યાદ અપાવનારા, મારા જન્મ દિવસે માખણ ઉપરાંત ફરાળ ઝાપટનારા, રાસલીલામાં રસ બતાવી ગીતા જ્ઞાનને ભૂલનારા, સૌને હું સવાલ પૂછું છું..

— કંસની કમી નથી પણ છે ક્યાંય દેવકી અને પિતા વસુદેવ?જેમણે મને જન્મ આપવા છ બાળકોને જન્મ આપ્યો.(એક પણ ગર્ભપાત નથી કરાવ્યો)અને એમના મૃત્યુની પીડા સહી લીધી.

— છે ક્યાંય નંદબાબા અને યશોદામૈયા? જેમણે મને અપાર વાત્સલ્ય આપ્યું,નટખટવેડા સહન કર્યા અને જગતના ભલા માટે મથુરા મોકલી આપ્યો.

— છે ક્યાંય ગુરૂ સાંદિપની જે ઈશ્વરને ભણાવી શકે? એના કર્તવ્યપાલન માટે એને તૈયાર કરી શકે,એ પણ કોઈ અપેક્ષા વગર.

— છે ક્યાંય રૂકમણી જેવી સમર્પિત સ્ત્રી? જે જોયા વિના મને પતિ તરીકે સ્વીકારી શકે, મારા પર સંપૂર્ણ વિશ્વાસ કરી શકે.

— છે કોઈ અર્જુન જે યુદ્ધના મેદાનમાં પ્રશ્ન પૂછી શકે? પોતાના રથની લગામ મને સોંપી શકે? ગીતામાં કહેલું જ્ઞાન સમજી પચાવી શકે એવો કોઈ મિત્ર હોય તો કહેજો.

— છે કોઈ સુદામા જે રાજાનો મિત્ર હોવા છતાં એની પાસે મદદ માટે જ આવ્યો હોવા છતાં કંઇ જ માગ્યા વિના પાછો ફરે?(આજે તો ફાયદો મેળવવા મિત્રો બનાવાય છે)

— છે એક દ્રૌપદી જે કોઈપણ મુશકેલ સ્થિતિમાં મને સંપૂર્ણ વિશ્વાસ સાથે યાદ કરતી હોય? એવો એક પરમ ભક્ત છે—જે મને સમર્પિત હોય? જેના માટે ઉઘાડા પગે દોડી જવાનું મન થાય.એના પ્રેમ અને વિશ્વાસ સામે વિશ્વનો નાથ પણ યાદ કરતાં હાજર થાય.

કૃષ્ણ આજે પણ અવતાર માટે તૈયાર છે,એના માટે આપણે તૈયાર છીએ ખરા?

શ્રેષ્ઠ પ્રગટાવવા,પામવા પોતપોતાની ભૂમિકા શ્રેષ્ઠ રીતે ભજવવી પડે.અવતાર કોઈ સામાન્ય બાબત નથી.આ સવાલોના જવાબ મારા માટે જન્મ દિવસની ભેટ હશે.ફરિયાદો છોડો,પાત્રતા કેળવો ને સાચી જન્માષ્ટમી ઉજવો...હું અહીં જ છું.




શ્રી હાટકેશ પાટો. સમિતિ, શારદીય નવરાત્રિ સમિતિ ના ઉપક્રમે બે વર્ષના વિરામ બાદ રાજકોટ ખાતે તા.૨૬/૯ થી ૪/૧૦ સુધી હોબી સેન્ટરમાં શ્રી ભરતભાઇ આચાર્યના આચાર્ય પદે સમૂહ નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યું છે. આકર્ષક સુશોભિત મંચ–પૂજનની તસવીર.વધુ અહેવાલ આવતા અંકમાં.

**શ્રીમદ્ ભગવદ ગીતાજીનાં મહત્વના સુવાક્યો :** –ડાકોરભાઈ ત્રિવેદી, રાજકોટ.

(૧) સુખ દુઃખને સમાન માનનારા ને ધીરજવાળા પુરૂષોને વિષયો વ્યાકુળ કરતા નથી તે અમરતા મેળવવા સમર્થ છે. (ગીતા ૨–૧૫)

(૨) ધર્મનું થોડું આચરણ પણ જન્મ મરણરૂપી ભયથી બચાવે છે. (ગીતા ૨–૪૦)

(૩) જેની ઈન્દ્રીયો વશમાં હોય છે તેની બુદ્ધિ સ્થિર થાય છે. (ગીતા ૨–૬૧)

(૪) જે પોતાના માટે જ રાંધે છે તે પાપ ખાય છે. (ગીતા ૩–૧૩)

(૫) શ્રેષ્ઠ મનુષ્ય જે જે આચરણ કરે છે તેનું અનુકરણ બીજા લોકો કરે છે. (ગીતા ૩–૨૧)

(૬) રાગ અને દ્વેષ, કર્તવ્ય માર્ગમાં વિઘ્ન કરનારા શત્રુઓ છે. (ગીતા ૩–૩૪)

(૭) કર્મની ગતિ અતિ ગહન છે. (ગીતા ૪–૧૭)

(૮) આ જગતમાં જ્ઞાન જેવું પવિત્ર કાંઈપણ નથી. (ગીતા ૨–૪૦)

(૯) જ્ઞાની માણસ ભોગોમાં રમતો નથી. (ગીતા ૫–૨૨)

(૧૦) મનુષ્ય પોતે જ પોતાનો બંધુ અને પોતે જ પોતાનો શત્રુ છે. (ગીતા ૬–૫)

(૧૧) શુભ કરનારો કોઈપણ મનુષ્ય દુર્ગતિ પામતો નથી. (ગીતા ૪–૩૮)

(૧૨) જ્ઞાનીને પ્રભુ અત્યંત પ્રિય છે, અને પ્રભુને જ્ઞાની અત્યંત પ્રિય છે. (ગીતા ૭–૧૭)

(૧૩) અભ્યાસથી જ્ઞાન શ્રેષ્ઠ છે, જ્ઞાનથી શ્રેષ્ઠ ધ્યાન છે, ધ્યાનથી વળી શ્રેષ્ઠ કર્મફળનો ત્યાગ છે. સૌથી શ્રેષ્ઠ શાંતિ છે જે ત્યાગથછ જ પ્રાપ્ત કરી શકાય છે.

(૧૪) સત્વગુણથી જ્ઞાન, રજોગુણથી લોભ અને તમોગુણથી પ્રમાદ, મોહ અને અજ્ઞાન ઉપજે છે. (ગીતા ૧૪–૧૭)

(૧૫) કામ, ક્રોધ અને લોભ આ આપણા આત્માને નાશ કરનારા ત્રણ પ્રકારના નરકના દ્વાર જ છે અને આનો સત્વરે સમજુ માણસે ત્યાગ કરી દેવો જોઈએ. (ગીતા ૧૬–૨૧)

(૧૬) દેશકાળ, કર્તા, સાધન, ક્રિયા અને નશીબ આ પાંચ કોઈપણ કાર્યસિદ્ધિ માટેનાં આવશ્યક કારણો છે. (ગીતા ૧૮–૧૪)

(૧૭) પોતપોતાના સ્વાભાવિક કર્મમાં સદા રત રહેલા માણસ 'આત્મ સિદ્ધિ' મેળવીને જ જંપે છે. (ગીતા ૧૮–૪૫)

શમી સાંજનું ટાણું આવ્યું,
રાત ખોબા ભરીને શમણાં લાવી.
શમણાં વાવો સાજન તમે,
વિદાય વેળાની ઘડી આવી.
–નંદકિશોર વૈષ્ણવ, જૂનાગઢ.




**સાંઈરામ હોમમેઇડ ફરસાણ**
ઈન્દોરી મઠરી, ચકરી,
વિવિધ સેવ, ફરસીપુરી/ઘઉંની પુરી,
દાળમુઠ વગેરે. ભાવ : કિલોના રૂા.૨૬૦
સંપર્ક કરો : હિનાબેન માંકડ–રાજકોટ
મો.૭૬૦૦૦૫૫૭૦૮

#2395567

## પ્રાર્થના : – નયન માંકડ, વડોદરા.

પ્રાર્થના મનનો ખોરાક છે.મુશ્કેલ પરિસ્થિતિમાં પ્રાર્થના મુશીબતો સામે ટકી રહેવાનું બળ આપે છે.પ્રાર્થના થી માણસનો ભગવાન સાથેનો એક સેતુ સધાય છે.ભગવાન પાસે સાચા ભાવે નિવેદન કર્યા પછી ભગવાન એવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે કે માણસ મુશ્કેલીઓને જલ્દી પાર કરી જાય છે.પ્રાર્થનાથી માણસની આંતરિક શક્તિ વધે છે.તેનામાં આત્મવિશ્વાસ જાગે છે કે ભગવાન મારી સ્થિતિ જાણે છે,બસ આટલી બાબત વ્યકિતીને કટોકટી પાર કરવા પૂરતી થઈ પડે છે.પ્રાર્થના,ધ્યાન, સત્સંગ, નામસ્મરણ, સ્વાધ્યાય આ બધા મનને પુષ્ટ કરનારા આહારો છે,પણ મનને મોટાભાગે આવા આહારોથી વંચિત રાખવામાં આવે છે.તેથી તે દુર્બળ અને રોગિષ્ટ બની જાય છે,પછી તેની સ્થિતિ એવી થઈ જાય છે કે જરા સરખી વિટંબણા આવે તો પણ તે ભાંગી પડે છે,નિરાશ–હતાશ થઈ જાય છે.આત્મહત્યા સુધી પણ દોરાઇ જાય છે.આવી સ્થિતિ સર્જાય તે પહેલાં મનને પોષણ આપવાનું શરૂ કરી દેવું જોઈએ,ભગવાન સાથેનો તંતુ પ્રાર્થના દ્વારા જોડી દેવો જોઈએ.જે ક્ષણે અંતરમાં શાંતિ અને સાચું સુખ પામવા ની ઝંખના જાગે તે જ ક્ષણે ભગવાનને પ્રાર્થના આરંભી દેવી જોઈએ.જેમ જેમ આંતરિક પ્રાર્થના કરતા જઈશું તેમ તેમ ચમત્કારિક શકિતનો અનુભવ થતો જશે.પ્રાર્થનાનો અર્થ માંગણી નથી પણ મનને શાંત રાખવાની ચાવી છે.




પ્રાર્થનાનું મહત્વ :

– પ્રાર્થનાથી કોઈપણ કાર્યની શરૂઆત કરતાં આનંદનો અનુભવ થાય છે.
– પ્રાર્થનાથી ઈશ્વરીય શકિતનો અનુભવ કરવો જરૂરી છે.
– પ્રાર્થનાથી પોતાની ચિંતા પ્રભુને સોંપ્યાનો અનુભવ થાય છે.
– નિરાશા,હતાશા,ક્રોધ એવા હાનીકારક તત્વો દૂર કરવા પ્રાર્થના કરવી જોઈએ.
– ઈશ્વરના અગણિત ઉપકારોને યાદ કરવા પ્રાર્થના જરૂરી છે.
– આપણને મળેલા હવા,પાણી,ખોરાક જેવી ઈશ્વરીય બક્ષીસોનો આભાર માનવા પ્રાર્થના જરૂરી છે.
– પ્રાર્થનાથી વાતાવરણમાં નવિનતા આવે છે, તન મન પ્રફુલ્લિત બને છે.નવું જોવા જાણવાની ઉત્કંઠા વધે છે.
– પ્રાર્થનાથી અશુભ વિચારોનું ખંડન થાય છે.નવી તાજગી સાથે દેહ અને દિલની શુદ્ધિ થાય છે.

પ્રાર્થના અંતરની અભિવ્યકિત છે,ભાવ છે.. તેના માટે શબ્દો જરૂરી નથી. અંગ્રેજીમાં એક કહેવત છે કે Prayer needs no speech or words... પ્રાર્થનામાં શબ્દો તો માધ્યમ માત્ર છે.જે મનથી થવી જોઈએ હોઠથી નહી,પ્રાર્થના સાચા મનથી અને નિઃસ્વાર્થભાવે થાય તો Preyar is the direct appointment with God...

આપણા વિચારોને શુધ્ધ કરવા હકારાત્મક શકિતનો સંચય કરવા સાચા દિલથી પ્રાર્થના કરીએ.

---

## અનંતના યાત્રીઓ :

સુનંદાબેન પ્રિયકાન્ત બક્ષી–૯૩ વર્ષ–જૂનાગઢ. મનોજભાઈ રમાકાન્તભાઈ મંકોડી
દામિનીબેન અરૂણરાય છાયા,બકુલેશભાઇ ભાસ્કરરાય વોરા – અમદાવાદ
હેમલ દિલીપભાઈ હાથી–૩૮ વર્ષ–જામનગર, શ્રીનિવાસભાઈ અનંતરાય વૈષ્ણવ–૭૭ વર્ષ–ભાવનગર

#2395567

**auroshikha Incense (since 1973)**
**Cottage Industries (since 1948)**
CREATION OF WORLD CLASS INCENSE
**Auroshikha's fragrances are in compliance with the guidelines of I.F.R.A. (International Fragrance Association Geneva Switzerland)**
OVER 100 VARIETIES OF INCENSE
(Handmade & Natural)
Incense Cones, Dhoop Sticks, Perfumed Oils, Pure Sandalwood powder, Aloe Vira Soaps, Bath Spa Shampoo and Moisturizer, Natural Esstential Oils, Air Freshener Perfume Spray, Body Mist Perfume Spray.
Material (Incense) : Pure extracts of Herbs, Roots, Barks of Trees, Petals, Leaves, Spices, Some Charcoal, Perfumes based on Natural Essentials Oils.
(A product of Shri Aurobindo Ashram)
**For Orders/Inquiries, Call/WA:+919909011200** OR
Email : DK.minereal@gmail.com
Retail and Bulk Distributors of Auroshikha & Cottage
**KD Tradelink**
**RAJKOT**

Rahul Oza
99090 10011
63596 04466
**PARAM FINCON**
Specialist of all types of Secured/Unsecured Loans & Banking Solutions
411, Kopper Arced, Opp. Vishweshwar Mahadev Temple,
Mavdi Main Road, Rajkot-360 004.
paramfincon@gmail.com

Loans
> Home
> Mortgage
> CC/OD & Term Loan
> PL & BL
> Agriculture
> Tractor
> Education
> Project Finance

PARAM FINCON

## ABM TRAVELS
**Discover your choice of destination in 2022,**
we will make customized tour plan as per your requirement with choice of selected hotels/resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays
* Shimla Manali *Dalhousie * Dharamshala
* Amritsar VaishnoDevi *Ladakh kashmir
* Nainital *Corbet Mussoorie *Darjeeling
* Gangtok * Ooty *Coorg*kerala
* Lakshadweep *Andaman * Gauhati
* Shilong * Kaziranga Rajasthan * MP
* South India * Goa * Nepal
* Dubai * Singapor * Thailand * Malaysia
* Bali * Maldives * Mauritius * Vietnam
* Religious places and many more.
**Avinash Mehta 9820817318**
**abmtravels@gmail.com**

Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

UPI ID: 9428700105@paytm
Paytm: 9428700105
Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
**ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,**
**સિદ્ધપુર. મો.૯૮૨૪૩૧૧૬૦૯**

BOOK POST

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.

#2395567